# 15 મારા ફળીનાં ઝાડવાં બે...

- દેવજી રામજી મોઢા

**નીચેના દરેક પ્રશ્નના ઉત્તર એક વાક્યમાં લખોઃ**

1. પહેલું ઝાડ પ્રારંભમાં કયા કારણે જંગલમાં જવા માટે કહે છે?
2. બીજા ઝાડને ત્યાં કોના કારણે જોખમ લાગે છે?
3. કયું ઝાડ કૃતજ્ઞભાવે જીવવા ઈચ્છે છે?
4. મૃત્યુ પછી પણ ઉપકાર કરનારને ઉપયોગી થવાની વાત કઈ પંક્તિમાં છે?

**નીચેના દરેક પ્રશ્નના ઉત્તર ત્રણ-ચાર વાક્યમાં લખોઃ**

1. પહેલું ઝાડ જંગલમાં ચાલ્યા જવા માટે કયાં કારણો રજૂ કરે છે?
2. બીજું ઝાડ કેવી રીતે વાતોથી પહેલા ઝાડને સમજાવે છે?

**નીચેના પ્રશ્નોના ઉત્તર આશરે સો શબ્દોમાં લખોઃ**

1. બે ઝાડ વચ્ચેની વાતચીતને તમારા શબ્દોમાં વર્ણવો.

**નીચેના દરેક પ્રશ્નના પૂરા વાક્યમાં ઉત્તર લખોઃ**

1. આ કાવ્યના કવિનું નામ લખો.

2. આ કાવ્યનો પ્રકાર કયો છે?

3. આ કાવ્યમાં રહેલા તળપદા શબ્દોની યાદી આપો.

**નીચેનાં વાક્યોના રેખાંકિત શબ્દમાં યોગ્ય પ્રત્યય મૂકી વાક્ય ફરી લખોઃ**

1. જેણે જાત ઘસીને આપણે જળ પાયા.

2. એના ચૂલાથી ઈંધણાં થાયે.

3. મારા ફળીને ઝાડવાં બે હતાં.

**સૂચના મુજબ નીચેના જવાબ લખોઃ**

1. બીજું ઝાડ બોલ્યું. (ભાવેરચના કરો.)

2. ચાલને અહીંથી ચાલતા થાયેં. (વાક્યનો પ્રકાર જણાવો.)

3. એક કહે હદ થાય હવે... (આ પંક્તિમાં રેખાંકિત શબ્દસમૂહનો અર્થ જણાવો.)

4. સુરેશ કાલે બહુ જ મજા આવી (વાક્યમાં યોગ્ય વિરામચિ[illegible]ો મૂકો.

5. 'ધ્ + ધ' - નું જોડાણ જેમાં આવતું હોય તેવા કોઈ પાંચ શબ્દો લખો.

**નીચેનાં વાક્યોને લેખનરૂઢિ અને ભાષાદૃષ્ટિએ સુધારીને ફરીથી લખોઃ**

1. ચાલ હવે ચાલતાં અહીં થી થઈએ.

2. એમને ક્યારે આપશું આપનાં ફળને આપણી છાયા?

3. અહીં કવિ બે તરુ વચ્ચેનું વાર્તાલાપ કલ્પે છે.

4. મોટાં એ નાનાંની ધ્યાન રાખવું જોઈએ.

**નીચેના દરેક શબ્દના બે-બે સમાનાર્થી લખોઃ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| **ઝાડ** | અટવી | નિશા | ______ | ______ | ______ |
| **રાત** | વારિ | અરણ્ય | ______ | ______ | ______ |
| **નીર** | શર્વરી | વિટપ | ______ | ______ | ______ |
| **વન** | તરુ | સલિલ | ______ | ______ | ______ |

**નીચેના શબ્દોના અર્થભેદ દર્શાવોઃ**

1. ગંગા - ______ ગગા - ______

**નીચેનાં વાક્યોના રેખાંકિત શબ્દને સ્થાને વિરુદ્ધાર્થી શબ્દ લખી, અર્થ બદલાય નહિ તે રીતે વાક્ય ફરીથી લખોઃ**

1. અહીં એકલુંઅટૂલું લાગે છે.

______

2. હવે અહીં ઊભા રહેવું નથી.

______

3. અહીં નજીકમાં રહેવું નથી.

______

**નીચેના તળપદા શબ્દોનાં શિષ્ટરૂપ લખોઃ**

દન - ______ જાયેં - ______ આઘાં - ______

**વૃક્ષો વિશેનાં પાંચ સૂત્રો-કંડિકાઓ લખોઃ**

______

______

______

______

______

______

______

•